ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# લગ્ન સિઝન વચ્ચે ગાંધીનગરને પણ નવી દુલ્હન જેવો શણગાર

## નોટમાં મોદી, સ્માર્ટ બિઝનેસ વચ્ચે મુલાકાતી મહેમાનોનું મનોરંજન

લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે પાટનગર પણ દુલ્હનના વેશમાં જોવા મળી રહ્યું છે. ગાંધીનગરને આજકાલ રોશની અને લેન્ડસ્કેપિંગથી સજાવવામાં આવી રહ્યું છે. જાન્યુઆરી મહિનામાં તમામ સરકારી કોમ્પલેક્સ રંગબેરંગી લાઈટોથી જળહળતા કરી દેવામાં આવશે. રાતોરાત ફુલોના બગીચા બનાવી દેવામાં આવ્યા છે. રસ્તાઓની મરામત દિન-રાત ચાલી રહી છે. પ્રાઈમ મિનિસ્ટર તેમના દેશ-વિદેશના મહેમાનોને લઈને પધારવાના હોવાથી શહેરના રસ્તાઓ ઉપર જરાય ગંદકી ન હોવી જોઈએ તેવો ચીફ મિનિસ્ટરે આદેશ આપ્યા પછી શહેરમાં રાજયના ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયને ખુદ સફાઈની ઝૂંબેશ ઉપાડી વહીવટી તંત્રને આદેશ આપ્યા છે...

### વાયબ્રન્ટ સમિટની તૈયારીમાં ટીમ વર્કનો અભાવ, નિર્ણયો બદલાય છે

**ગુજરાત વાયબ્રન્ટ પણ સેક્રેટરી નહી ...**

ગુજરાતમાં છ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ સક્સેસફુલી પૂર્ણ થયા છે જેમાં રાજયના ચીફ સેક્રેટરી અને ઉદ્યોગ વિભાગના ઓફિસરોનો મોટો હાથ હોય પડ્યો છે. મોદીના સમયમાં ઓફિસરો દિન-રાત કામ કરતા હતા પરંતુ તેમાં આઈડિયા ખુદ મોદીનો હતો. આજે સ્થિતિ પલટાઈ છે. એક ઓફિસરે કહ્યું હતું કે જે કામ અમે ડી. રાજગોપાલન અને મહેશ્વર શાહુના સમયમાં ટીમવર્કથી કરતા હતા તેવું ટીમવર્ક અત્યારે અતનુ ચક્રવર્તીના સમયમાં જોવા મળતું નથી...

**ટ્વિનસિટીનો કન્સેપ્ટ દર બે વર્ષે...**

ગુજરાતના મુખ્ય શહેરોને જોડતા ટ્વિન સિટીનો કન્સેપ્ટ પ્રતિ બે વર્ષે વાયબ્રન્ટ સમિટમાં ચમકે છે. ૨૦૦૭થી વાયબ્રન્ટમાં શરૂ થયેલી આ સફર ૨૦૧૪માં પણ ફરી એકવાર આવવાની છે. આટલા વર્ષો થયાં મુખ્ય સિટીની સાથે તેની નજીકનું સિટી ભેગું થઈ શક્યું નથી. અમદાવાદ-ગાંધીનગરની વાત કરીએ તો હજી આ બન્ને સિટી વચ્ચે સરળતાથી મુસાફરી કરી શકાય તેવી ટ્રાન્સપોર્ટ સિસ્ટમ વિકસી નથી. બન્ને શહેરો વચ્ચેનું અંતર ૩૨ કિલોમીટર છે છતાં રોડ લાઈટ્સ નો અભાવ છે. હા, પ્રાઈવેટ શટલ જીપોની હેરાફેરી જોતાં ટ્વિનનો અનુભવ જરૂર થાય છે. રાજય સરકારે અમદાવાદ ઉપરાંત સુરેન્દ્રનગર-વઢવાણ, સુરત-નવસારી, વડોદરા-હાલોલ, ભરૂચ-અંકલેશ્વર અને મોરબી-વાંકાનેરને ટ્વિન સિટીમાં જોડવાની જાહેરાત કરી હતી...

### ટ્વિન સિટીમાં પુરતું ટ્રાન્સપોર્ટેશન ક્યાં છે, કન્સેપ્ટ સાત વર્ષ જૂનો છે

**ટાઈમ લાઈન**

**- ગૌતમ પુરોહિત**



(ફાઈલ તસવીર)

છે. આ વિભાગ સાથે ઈન્ડેક્ષ્ટ-બી, જીઆઈડીસી, ઉદ્યોગ કમિશનરેટ કચેરી, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બોર્ડ, ઉર્જાને લગતા એકમો તેમજ સરકારના મહત્વના દસ જેટલા વિભાગો જોડાયેલા છે. જાન્યુઆરીમાં યોજાનારી સાતમી સમિટમાં ઈન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટનું કામ હજી જામતું નથી. પોલિસી પેરેલિસિસ થી આ ડિપાર્ટમેન્ટ પિડાઈ રહ્યું છે. સંકલનના અભાવે કેટલાક નિર્ણયોમાં ફેરબદલ કરવો

**નોકરી માટેના સારા દિવસો ...**

સરકારી અને પ્રાઈવેટ નોકરી માટેના સારા

● અનુસંધાન પાન-૭ પર

# મોદીના ચહેરા પર મેં દેશની પિડા ટપકતી જોઈ છે : નિરંજન જયોતિ

## કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જયોતિને ભારત દેશ હિન્દુ રાષ્ટ્ર ઘોષિત ન થાય ત્યાં સુધી સંસદનાં દરવાજા ન ખોલવા સુચન



ગાંધીનગર, તા.૧૪

શહેરના સેક્ટર-૧૧ રામકથા મેદાનમાં શરૂ થયેલા વેદાંત યોગ સંત પ્રવચન કાર્યક્રમમાં આજે ઉપસ્થિત રહેનાર કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જયોતિએ મહામંડલેશ્વર સ્વામિ પરમાત્માનંદજી મહારાજે તેમના પ્રવચનમાં સુચનની સાથો સાથ વિનંતી કરી હતી કે ભારત દેશને હિન્દુ રાષ્ટ્ર ઘોષિત કરવામાં ન આવે ત્યાં સુધી સંસદના દરવાજા ન ખોલે..! તેમણે પ્રવનચમાં ઉમેર્યુ હતું કે આપણા દેશમાં પત્નિને ધર્મ પત્નિ કહીએ છીએ પરંતુ રાષ્ટ્રને પોતાનો ધર્મ નથી. પાકિસ્તાન દેશને પણ ધર્મ ચિહ્ન છે પરંતુ આપણા દેશને ધર્મ નથી આપણો ધર્મ અને ગાયોનું રક્ષણ કરવાનું છે તે માટે સૌથી પહેલા હિન્દુ રાષ્ટ્ર ઘોષિત થાય તે જરુરી છે. ગૌહત્યા અટકાવવા ગુજરાતે પહેલ કરી છે હવે દેશમાં કાયદો લાગે...!


● અનુસંધાન પાન-૭ પર

# ધો. ૧૧ સેમેસ્ટર-૧ માં જિત ઠક્કર ટોપર્સમાં મોખરે

## સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના સૌથી વધુ ૨૮ વિદ્યાર્થીઓનો એ-૧ ગ્રેડમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૧૪

ધો. ૧૧ અને ૧૨ની સેમેસ્ટર પરીક્ષામાં જિલ્લામાંથી ૧૨૩ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરે પણ આ પરિણામમાં ડંકો વગાડ્યો છે. ધો. ૧૧માં શાળાના ૧૮ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે. જ્યારે ધો. ૧૨ સેમેસ્ટર-૩ માં પણ સૌથી વધુ ૧૦ વિદ્યાર્થીઓએ જિલ્લામાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુંછે. ધો. ૧૧ સેમેસ્ટર-૧માં સ્કૂલના વિદ્યાર્થી જિત ચંદ્રકાન્ત ઠક્કરે ૫૦૦માંથી ૪૮૯ ગુણ મેળવી ટોપર્સની યાદીમાં પણ ટોપનુ સ્થાન મેળવ્યું છે.



ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષામાં સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ૨૮ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. જિલ્લામાં એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવનારા ૧૨૩ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ૨૮ વિદ્યાર્થીઓ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના છે. ધો. ૧૧ સેમેસ્ટર-૧ માં શાળાના જિત ચન્દ્રકાન્ત ઠક્કરે ૫૦૦માંથી સૌથી વધુ ૪૮૯ ગુણ મેળવી ટોપર્સનીયાદીમાં પણ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ડૉક્ટર બનવાની ખેવના ધરાવતા જિતને મ્યુઝિક અને ક્રિકેટનો અનહદ શોખ છે. જિતના માતા જાગૃતિબેન સચિવાલયમાં જી.એ.ડી. વિભાગમાં ફરજ બજાવે છે. જ્યારે પિતા ચન્દ્રકાન્તભાઈ પાણી-પુરવઠા બોર્ડમાં નોકરી કરે છે. તેણે ભૌતિક વિજ્ઞાનમાં ૧૦૦, અંગ્રેજીમાં ૯૮, જીવવિજ્ઞાનમાં૯૬, રસાયણ વિજ્ઞાનમાં૯૮ ગુણ પ્રાપ્ત કર્યા છે. ૯૯.૯૯ ટકા પર્સન્ટાઈલ રેન્ક સાથે તેણે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# સેક્ટર-૨૧ શોપીંગ વિસ્તારમાં ઈલેક્ટ્રીક મીટર ભયજનક હાલતમાં

## શોપીંગ વિસ્તારમાં સુવિધાઓ પણ દુવિધારૂપ બની

ગાંધીનગર, તા. ૧૪

સે. ૨૧ શોપીંગ વિસ્તારમાં દુવિધાઓનું દંગલ ઉભુ થયું છે. બંધ ફૂવારાઓ દૂર કરવાનો નિર્ણય લેવાયો છે, પરંતુ શોપીંગ વિસ્તારમાં લાઈટો પણ ડૂલ રહે છે. જ્યારે ઈલેક્ટ્રીકની હેવી લાઈનના મીટરો પણ ખુલ્લા રહેતા ભયજનક સ્થિતિનું નિર્માણ થયું છે.

શહેરના મુખ્ય શોપીંગ સેન્ટરમાં ડગલે ને પગલે દુવિધાઓ ઉભરી રહી છે. શોપીંગ વિસ્તારમાં રોજમરોજ મુલાકાતીઓએ મુશ્કેલી વેઠવી પડે છે. રખડતા ઢોર, અપુરતી પાર્કીંગ વ્યવસ્થા, ટ્રાફીક જામ તેમજ દબાણોના લીધે ગીત બનતા આ વિસ્તારમાં દિનપ્રતિદિન મુલાકાતીઓની સલામતી જોખમાઈ રહી છે. શોપીંગ વિસ્તારમાં વર્ષોથી સ્થિત બંધ ફૂવારા આડશરૂપ બન્યા બાદ આખરે ફાઉન્ડેશન દૂર કરી દેવાનો નિર્ણય લેવાયો છે. બીજી તરફ જાળવણીના અભાવે અનેકવિધ પ્રશ્નો

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : ધનંજય જોષી)

# ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષામાં ઝંકૃતિ મહેતા અવ્વલ

## સે. ૨૩ ગુરૂકુલ સ્કૂલની વિદ્યાર્થીનીએ ૯૯.૯૮ ટકા પર્સન્ટાઈલ સાથે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૧૪

સે. ૨૩ સ્વામિનારાયણ ગુરૂકાળમાં અભ્યાસ કરતી ઝંકૃતિ મહેતાએ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના તૃતીય સેમેસ્ટરની પરીક્ષામાં ૯૯.૯૮ પર્સન્ટાઈલ રેન્ક સાથે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઝંકૃતિ પોતાના ઉજ્જવળ પરિણામનો શ્રેય તેના માતા-પિતા અને શિક્ષકોને આપે છે.



ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૩ની પરીક્ષામાં સે. ૨૩ સ્વામિનારાયણ ગુરૂકુળમાં અભ્યાસ કરતી ઝંકૃતિ મહેતાએ ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુંછે. ઝંકૃતિએ ભૌતિક તેમજ રસાયણ વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. જ્યારે જીવ વિજ્ઞાનના વિષયમાં ૯૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. તેજસ્વીનીએ ૯૯.૯૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુંછે. ઝંકૃતિના માતા તૃપ્તિબેન કોમર્સ કોલેજમાં અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા તરીકેની ઉમદા ફરજ બજાવે છે. જ્યારે પિતા બી.સી. મહેતા ઉર્જા મંત્રીના કાર્યાલયમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. માતા-પિતાના પ્રોત્સાહન બળ અને ધગશ તેમજ જહેમતના અંતે તેણીને ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયું છે. ઝંકૃતિ પોતાના ઉજ્જવળ પરિણામ બદલ કિશોર ક્લાસીસના ડૉ. અજય તેમજ બળવંતસરને પણ શ્રેય આપે છે.

# વાયબ્રન્ટ સમિટ બાદ વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવશે

## બઢતી અને બદલી માટે ગોઠવાતો તખ્તો : ફેબ્રુઆરીમાં ચાર થી પાંચ સનદી અધિકારીઓ વય નિવૃત્ત થશે

ગાંધીનગર, તા. ૧૪

રાજયના વહીવટીતંત્રમાં બઢતી અને બદલીનો દોર હાથ ધરીને ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં નવ રચિત સાત જિલ્લાઓમાં જિલ્લા પંચાયતની રચના કરીને નવી સાત જિલ્લા વિકાસ અધિકારીઓની જગ્યાઓ ઉભી કરવામાં આવતા આ જગ્યાઓનો હાલ અન્ય ડીડીઓને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત સચિવાલયના વિવિધ વિભાગોમાં સચિવો, અગ્રસચિવ અને અધિક મુખ્ય સચિવ સંવર્ગની અંદાજે દસ જેટલી જગ્યાઓ લાંબા સમયથી ચાર્જમાં ચાલી રહી છે. તેમજ ચાર થી પાંચ જેટલા સચિવ સંવર્ગના અધિકારીઓ આગામી ફેબ્રુઆરીમાં વય નિવૃત્ત થઈ રહ્યા હોઈ આ જગ્યાઓ પણ ખાલી પડનાર છે.

આથી ચાર્જમાં ચાલતી અને આગામી દિવસોમાં ખાલી પડનારી જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયાઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. અને આ માસના અંતમાં ડીપાર્ટમેન્ટ પ્રમોશન કમિટીની બેઠક બોલાવીને બઢતી માટેની પ્રવર્તતા યાદી તૈયાર કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટ સમિટ, પ્રવાસી ભારતીય દિવસ સહીતના મોટા કાર્યક્રમો યોજાનાર છે. આ કાર્યક્રમોની કામગીરી મોટા ભાગના ઉચ્ચ સનદી અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવેલી હોઈ હાલ ૧૫મી જાન્યુઆરી સુધીમાં વહીવટીતંત્રમાં કોઈ જ ફેરફારો કરવામાં નહી આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ સનદી અધિકારીઓ ઉપરાંત નાયબ કલેક્ટરમાંથી અધિક કલેક્ટર તરીકે બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. આ ઉપરાંત આઠથી ૧૦ જેટલા ગેસ કેડરના અધિકારીઓને આઈ.એ.એસ. કેડરમાં નોમીનેશન અપાઈ તેવી શક્યતા છે.



આર્ટ ઓફ લીવીંગ દ્વારા રવિવારનાં રોજ સૂર્ય નમસ્કારના વર્ગો રાખવામાં આવ્યા હતા. જેમાં પી.ટી.સી. કોલેજ કોબા, કડી કેમ્પસ સે-૨૩, તપોવન શાળા સેકટર-૧૭, બોયઝ હોસ્ટેલ સે-૬/બી, સે-૨૫ બોયઝ હોસ્ટેલ અને સે-૧૫ હોસ્ટેલનાં કુલ ૧૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓને ૪૫ મિનિટની તાલીમ આપવામાં આવી હતી. ૩૩ મિનિટમાં ૧૦૮ વખત સૂર્ય નમસ્કાર શીખવવામાં આવ્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

# આગામી વાર્ષિક યોજનાને અપાતો આખરી ઓપ

ગાંધીનગર, તા. ૧૪

રાજયની આગામી વર્ષ ૨૦૧૫-૧૬ની વાર્ષિક યોજનાના ઘડતરની પ્રક્રિયાઓ અંતિમ તબક્કામાં પહોંચી છે અને આ માસના અંતમાં વાર્ષિક યોજનાનું કદ નક્કી કરીને આખરી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્ય આયોજન પ્રભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શર થનાર છે. આ સત્ર પૂર્વે જ રાજયની વાર્ષિક યોજનાના ઘડતરની પ્રક્રિયા આયોજન પ્રભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

દરેક વિભાગોના વડાઓ સાથે રાજયના આયોજન અને નાણામંત્રીના અધ્યક્ષસ્થાને આયોજન પ્રભાગની બેઠકનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. છેલ્લા ૧૫ દિવસથી ચાલી રહેલી આ બેઠકોના ધમધમાટ દરમ્યાન વિભાગો દ્વારા રજુ કરવામાં આવેલ નવી યોજનાઓની દરખાસ્તોની સમીક્ષા કરીને તેને આખરી કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિભાગોને ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષ દરમ્યાન કઈ યોજનાઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો કેટલી ગ્રાન્ટ વણ વપરાયેલી રહી તેના કારણો અને યોજનાઓની સફળતા નિષ્ફળતાની સમીક્ષા કરીને આ યોજનાઓ ચાલુ રાખવી કે અન્ય યોજના તેના સ્થાને નવી લાવવી એ અંગે વિગતે ચર્ચા વિચારણા કરીને આગામી વર્ષ ૨૦૧૫-૧૬ માટેની વાર્ષિક યોજનાનો ડ્રાફ્ટ પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ માસના અંત સુધીમાં આગામી વર્ષની વાર્ષિક યોજનાના ડ્રાફ્ટ પ્લાન નાણા વિભાગ સાથે યોજાનારી બેઠકમાં રજુ કરવામાં આવશે અને આ બેઠકમાં રાજયની આવક અને ખર્ચના અંદાજોની સમીક્ષા કરીને વર્ષ-૨૦૧૫-૧૬ની વાર્ષિક યોજનાનું કદ કેટલુ રાખવુ એ અંગેનો નિર્ણય લઈને વાર્ષિક યોજનાને આખરી ઓપ આપીને તૈયાર કરી દેવામાં આવશે. રાજ્યના વિકાસને ગતી આપવા માટે આગામી વાર્ષિક યોજનાના કદમાં અંદાજે પાંચ ટકાનો જંગી વધારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com